કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિકારોની જોડતી કડી એટલે...

# ગીર કૃષિ મુખપત્ર

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - જૂનાગઢ

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, અંબુજાનગર, કોડીનાર

ખેડૂતો સુધી પહોંચવા માટે ઝંખતુ છમાસિક મુખપત્ર

Ambuja Cement FOUNDATION

भाकृअनुप ICAR

વર્ષ : ૪ | અંક : ૭ | જાન્યુઆરી-જૂન - ૨૦૨૪

**અધ્યક્ષ કેવીકે :-**
શ્રી ચંદ્રકાંત કુંભાણી

**પથદર્શક :- ડાયરેક્ટરશ્રી**
ડો. સુબ્રતાકુમાર રોય - અટારી પુને

**મુખ્ય સંપાદક :-**
શ્રી જીતેન્દ્રસિંહ
વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા
શ્રી દલસુખ વઘાસીયા-
રીજનલ પ્રોગ્રામ ડાયરેક્ટર, એસીએફ

**સંપાદક :-**
શ્રી રમેશભાઇ રાઠોડ - પાક સંરક્ષણ
કુ. પુજાબેન નકુમ - કૃષિ વિસ્તરણ

**સહ સંપાદકો :-**
ડો. હંસાબેન ગામી-ગૃહ વિજ્ઞાન
શ્રી રણજીતસિંહ બારડ-બાગાયત
શ્રી સતીષભાઇ હડીયલ-જમીન વિજ્ઞાન
શ્રી મનિષભાઇ બલદાણીયા-પાક વિજ્ઞાન
શ્રી રાજેન્દ્રસિંહ પરમાર-મત્સ્યપાલન
શ્રી અજય ધાનાણી-કોમ્પ્યુ. પ્રોગ્રામર

**લખુ લેખનકાર :-**
શ્રી બાલુભાઇ વાળા

**પ્રકાશક :-**
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ

Website-
http://www.girsomnath.kvk8.in

Facebook-
kvkgirsomnatherstwhilejunagadh

Facebook page -
Agri Info

E-mail.:
kvk.girsomnath@gmail.com

Twitter- @kvkgirsomnath

Youtube channel :
KVK-JUNAGADH

## જાન્યુઆરી - જુન ૨૦૨૪ દરમિયાન કરવામાં આવેલ કામગીરીની ઝાંખી

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આઈ.સી.એ.આર. સ્થાપના દિવસ અને ટેકનોલોજી સપ્તાહની ઉજવણી કરાઈ



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૧૬ જૂલાઇ, ૨૦૨૩ના રોજ કેશોદ તાલુકાના રંગપુર અને માળીયા હાટીના તાલુકાના પાણીદ્રા ગામે આઇસીએઆર સ્થાપના દિવસની ઉજવણી અંદાજીત પર ખેડૂતો સાથે કરવામાં આવી. તા.૧૫-૭-૨૦૨૩ થી તા.૨૦-૭-૨૦૨૩ સુધી ટેકનોલોજી સપ્તાહની ઉજવણી કેવીકે ખાતે તથા જુદા-જુદા ગામોમાં કરવામાં આવી.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતોને મધમાખી ઉછેર માટે તાલીમ આપવામાં આવી.



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, માંગરોળ દ્વારા બે દિવસીય વૈજ્ઞાનિક મધમાખી ઉછેરની તાલીમ આયોજીત કરવામાં આવી. તા.૨૨ થી તા.૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ માંગરોળ ખાતે ૨ દિવસીય મધમાખી ઉછેરની તાલીમ આયોજીત કરવામાં આવી. જેમાં વિષય નિષ્ણાંત તરીકે રમેશભાઇ રાઠોડ, પાક સંરક્ષણ નિષ્ણાંત, કેવીકેએ માહિતી આપી અને બીજા દિવસે મધુવન મધમાખી ફાર્મ, ચમોડા ખાતે શ્રી જેઠાભાઇ રામ દ્વારા માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમમાં ૩૪ જેટલા ખેડૂતોએ ભાગ લીધો.

### કેવીકે જૂનાગઢને ઝોનલ લેવલે શ્રેષ્ઠ કામગીરી પ્રેઝન્ટેશન એવોર્ડ એનાયત કરાયો.



ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (આઇસીએઆર) અંતર્ગત કાર્યરત કૃષિ તંત્રજ્ઞાન ઉપયોજન અનુસંધાન સંસ્થા (અટારી) પુને દ્વારા વસંતરાય નાયક મરાઠવાડા કૃષિ વિશ્વવિદ્યાલય દ્વારા છત્રપતિ સંભાજીનગરમાં આયોજીત ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવા રાજયના ૮૨ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોની ૬ઠી કાર્યશાળામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢને સર્વ શ્રેષ્ઠ પ્રસ્તુતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

### દરિયાઇ સેવાળનો ઉછેર અને પ્રોસેસીંગ ટેકનોલોજીની ટ્રેનીંગ



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કેન્દ્રીય નીમક અને સમુદ્ર રસાયન અનુસંધાન સંસ્થા-ભાવનગર ખાતે બે ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કાર્યક્રમ મદદનીશ મત્સ્ય શ્રી રાજેન્દ્રસિંહ પરમાર સાથે દરિયાઇ સેવાળનો ઉછેર અને પ્રોસેસીંગ ટેકનોલોજીની તાલીમમાં તા. ૧ નવેમ્બર થી ૩ નવેમ્બર, ૨૦૨૩ દરમિયાન મોકલેલ. આ ટ્રેનીંગની અંદર જુદા-જુદા દરિયાઇ સેવાળની ખેતી પધ્ધતિ અને સેવાળના ઉપયોગ વિશેની માહિતી મેળવેલ.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમો યોજાયા.



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઓકટોબર ૨૦૨૩ મહિના દરમ્યાન ગીર સોમનાથ જીલ્લાના જુદા-જુદા ગામોમાં અને કેવીકે ખાતે જુદા-જુદા સ્વચ્છતાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## કેવીકે-ગીર સોમનાથ દ્વારા પ્રધાનમંત્રી ખેડૂત સમ્માન નિધી કાર્યક્રમનું જીવંત પ્રસારણ યોજવામાં આવ્યું.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા પ્રધાનમંત્રી ખેડૂત સમ્માનનિધી કાર્યક્રમનું જીવંત પ્રસારણનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ દરમિયાન માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ખેડૂત સમ્માનનિધીનો ૧૪ મો હપ્તો ડીઝીટલ માધ્યમથી ખેડૂતોના ખાતામાં પહોંચાડવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧.૨૫ લાખ પ્રધાનમંત્રી કિસાન સમ્માન સમૃધ્ધિ કેન્દ્રોનું લોકાર્પણ, સલ્ફર કોટેડ યુરિયા (યુરિયા ગોલ્ડ) નો શુભારંભ, પીએમ કિસાન સમ્માન નિધી યોજનાના ૧૪ માં હપ્તાનું ૮.૫ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં ૧૭૫૦૦ કરોડ થી વધુ ધન રાશિનું ખેડૂતોને સીધુ જ હસ્તાંતરણ કરવામાં આવ્યુ હતું. કેવીકે ખાતે ૧૦૧ જેટલા ખેડૂત/ખેત મહિલાઓએ હાજરી આપી પ્રત્યક્ષ કાર્યક્રમ નીહાળ્યો હતો તથા ૧૯૫ જેટલા ખેડૂત/ખેત મહિલાઓએ પરોક્ષ રીતે કાર્યક્રમ નીહાળ્યો હતો.



## વૈજ્ઞાનિક રીતે નાળિયેરીની ખેતી પધ્ધતિ



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કોકોનટ ડેવલોપમેન્ટ બોર્ડ દ્વારા લાટી ગામમાં સંયુકત રીતે નાળિયેરીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ ઉપર કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. તેમાં ૧૫૦ થી વધારે નાળિયેરીનું વાવેતર કરતા પ્રગતિશીલ ખેડૂતો હાજર રહ્યા હતા.

## ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ નો ૧૫ દિવસીય કોર્ષ આયોજીત કરવામાં આવ્યો..



તા.૨૧-૯-૨૦૨૩ થી તા.૫-૧૦-૨૦૨૩ દરમ્યાન ૩૬ ઈનપુટ ડીલર્સ માટેનો ઈન્ટગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સનો ૧૫ દિવસીય કોર્ષ કરવામાં આવેલ હતો. તા.૧૨-૧-૨૦૨૩ થી ૨૬-૧૦-૨૦૨૩ દરમ્યાન ૩૦ જેટલા કોમન સર્વિસ સેન્ટરના ડીલર્સ માટે ૧૫ દિવસીય તાલીમ કોર્ષ ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ, બીજ ઉત્પાદન અને કૃષિ રસાયણ કરવામાં આવ્યો હતો. આ બંને સર્ટિફિકેટ કોર્ષમાં ડીલરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



## વિશ્વ જમીન દિવસની ઉજવણી કરવામાં આવી.

તા.૫-૧૨-૨૦૨૩ ના રોજ વિશ્વ જમીન દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં ૪૮ જેટલા પ્રગતિશીલ ખેડૂત મિત્રોએ ભાગ લીધેલ હતો તથા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા માર્ગદર્શન મેળવ્યું હતું.

## લોકવાણી રેડિયો માટે જમીનનું સ્વાસ્થ્ય સુધારણા અંતર્ગત પ્રોજેકટ મંજુર કરવામાં આવ્યો.



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર લોકવાણી રેડિયો દ્વારા નવેમ્બર, ૨૦૨૩ માં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમીકલ્સ લીમીટેડ વડોદરા દ્વારા જમીનનું સ્વાસ્થય સુધારણા અંતર્ગત પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યો. જેમાં ૧૮૦ પ્રોગ્રામ બ્રોડકાસ્ટ બનાવવામાં તથા પ્રસારણ કરવાના રૂા.૧૧ લાખ સહયોગ આપવામાં આવશે. નવેમ્બર થી ડીસેમ્બર, ૨૦૨૩ દરમ્યાન ૧૯ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું. જેમાં જમીનની તંદુરસ્તી કાર્ડ, ટકાઉ ખેતી, જમીનનું પૃથ્થકરણ કરાવવાનું મહત્વ, ખાતર બનાવવાની જુદી-જુદી પધ્ધતિઓ, અળસિયાનું ખાતર, જમીનના સ્વાસ્થય માટે માઈકોરાઝા ફુગની ઉપયોગીતા, પાક ફેરબદલીમાં કઠોળ પાકોથી થતા ફાયદા, પાક અવશેષોનું મહત્વ, સંકલિત જીવાત નિયંત્રણ, ખેતીવાડીમાં પરાગ વાહકોનું મહત્વ, પાક બચાવવા જૈવિક મધમાખી ઉછેર, ટકાઉ જીવાત વ્યવસ્થાપન પધ્ધતિઓ, જમીનનું પૃથ્થકરણ અને પોષણ વ્યવસ્થાપન, ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા ટપક પધ્ધતિ, લીલો પડવાશ અને જમીનનું પી.એચ. વ્યવસ્થાપન વિશે કાર્યક્મો બનાવીને બ્રોડકાસ્ટ કરવામાં આવ્યા. આ કાર્યક્મો કેવીકેના વૈજ્ઞાનિકશ્રીઓ શ્રી રમેશભાઈ રાઠોડ, શ્રી સતીષભાઈ હડિયલ, શ્રી મનિષભાઈ બલદાણીયા તથા ડો. હંસાબેન ગામી દ્વારા બનાવવામાં આવ્યાં. જેનું સંકલન શ્રી કનકસિંહ સોલંકી તથા શ્રી પ્રદિપભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યા.

રેડિયોમાં સી.આઈ.ઈ.ટી. દ્વારા પ્રસારિત થતા ઓડિયો પ્રોગ્રામનું પ્રસારણ કરવામાં આવે છે. જૂલાઈ થી ડિસેમ્બર મહિના દરમ્યાન કુલ છ કાર્યક્રમોનું રેડિયો દ્વારા પ્રસારણ કરવામાં આવ્યું આ ઉપરાંત લોકવાણી રેડિયો ૯૦.૪ એફ.એમ. ચેનલ દ્વારા કવરેજ વિસ્તારમાં ૧૦૦ થી વધુ ગામો કવર થાય છે. જેમાં સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ વાગ્યા સુધી માહિતી સભર કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે.

## બે દિવસીય મશરૂમ તાલીમ કાર્યક્રમ યોજાયો



તા.૨૬ થી ૨૭ ઓકટોબર, ૨૦૨૩ દરમ્યાન મશરૂમ તાલીમ કાર્યક્રમનું આયોજન થયેલ. જેમાં ભાલપરા, વાવડી, સુંદરપરા, ઈણાજ, નવાગામ, અરણેજ તથા કોડીનારના ૫૦ ખેડૂત ભાઈઓ તથા ખેડૂત મહિલાઓએ ભાગ લીધો. મશરૂમ તાલીમ કાર્યક્રમમાં મશરૂમ ઉગાડવા માટેના અગત્યના મુદા, જરૂરી સામગ્રી તથા મશરૂમ ઉગાડવાનું નિદર્શન કરીને સમજાવવામાં આવી. બીજા દિવસે મશરૂમ મૂલ્યવર્ધન એટલે કે મશરૂમ સુપ, બીરયાની શબ્જી, રોલ, પાવ, પકોડા, મેગી, સૂકો પાવડર તથા ફ્રેશ મશરૂમ વિશે નિદર્શન કરીને બનાવવામાં આવ્યું.



## સ્પાઈરલ સીડ સેપરેટરનો વ્યાપ વધ્યો

કેવીકે દ્વારા સોયાબીન વાવતા ખેડૂતોને સ્પાઈરલ સીડ સેપરેટર આપવામાં આવ્યું. જેનાથી દાણાની સફાઇ તથા ગ્રેડીંગ કરી શકાય છે. હાથથી ચાલતુ આ સાધન ખેડૂતો માટે અતિ ઉપયોગી હોવાથી ખેડૂતો દ્વારા અખતરો કરીને અપનાવ્યું છે.

## સપ્ટેમ્બર મહિના દરમ્યાન પોષણ અંતર્ગત કાર્યક્રમો કરવામાં આવ્યા.

આખાય સપ્ટેમ્બર મહિના દરમ્યાન પોષણ અંતર્ગત કાર્યક્રમો કરવામાં આવ્યા. જેમાં કીચન ગાર્ડન, પોષણનું મહત્વ, પોષણ વાટીકા, કુપોષણ, જરૂરી પોષકતત્વો, સરગવામાં મૂલ્યવર્ધન વગેરે લોકવાણી રેડિયો માધ્યમથી તથા તાલીમ આપીને માર્ગદર્શન આપવામાં આવ્યું.

## પ્રાકૃતિક ખેતીની ૨ દિવસીય તાલીમો યોજાઈ



કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આઉટ સ્કેલીંગ ઓફ નેચરલ ફાર્મીંગ પ્રોજેકટ અંતર્ગત ગીર સોમનાથના ૮૦ ખેડૂતોને ૨ દિવસીય પ્રાકૃતિક ખેતીની ૨ તાલીમ આપવામાં આવી. જેમાં પ્રાકૃતિક ખેતીના મુખ્ય ઘટકો, પ્રાકૃતિક ખેતીમાં રોગ-જીવાત નિયંત્રણ અને પ્રાકૃતિક ખેતીનું નિદર્શન પણ કરવામાં આવ્યું.



## ખેડૂત દિવસની ઉજવણી કરવામાં આવી.

તા.૨૩-૧૨-૨૦૨૩ના રોજ ખેડૂત દિવસની ઉજવણી ગીરગઢડા તાલુકાના કાણકીયા ગામે કરવામાં આવી. વિકસીત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત આ કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોડીનારના સન્માનનીય ધારાસભ્યશ્રી પ્રદ્યુમન વાઝા સાહેબ ઉપસ્થિત રહયા હતા અને સર્વે ખેડૂત મિત્રોને માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. આ કાર્યક્રમમાં ૪૦૦ થી વધારે ખેડૂત ભાઈઓ, બહેનો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



## ખેડૂતો અને ખેત મહિલાઓનો બે દિવસીય પ્રાકૃતિક ખેતી વિષયક પ્રેરણા પ્રવાસ યોજાયો

તા.૨૧-૧૨-૨૦૨૩ થી તા.૨૨-૧૨-૨૦૨૩ દરમ્યાન ૨૫ ખેડૂતો અને ૨૫ ખેત મહિલાઓને પ્રાકૃતિક ખેતી અંતર્ગત પ્રેરણા પ્રવાસ કરાવવામાં આવ્યો. આ પ્રવાસ નાબાર્ડ, જૂનાગઢ ના નાણાકીય સહયોગથી કરવામાં આવ્યો હતો. જેમાં ખાસ કરીને પ્રગતિશીલ ખેડૂત શ્રી રાકેશભાઈ જીલડીયા, શ્રી ઉપેન્દ્રભાઈ નાથાણી અને શ્રી હિતેશભાઈ દોમડીયાના પ્રાકૃતિક ફાર્મની મૂલાકાત કરાવવામાં આવી હતી.

## કેવીકે દ્વારા થયેલી અન્ય મહત્વપૂણી ગતિવિધીઓ :-

| | ગતિવિધી | સંખ્યા | લાભાર્થી |
|---|---|---|---|
| ✿ | પ્રથમ હરોળ નિદર્શન | | |
| ૧ | તેલીબિયાના નિદર્શનો | ૪૫ | ૧૧૨ |
| ૨ | કઠોળના નિદર્શનો | ૩૫ | ૮૬ |
| ૩ | અન્ય પાકના નિદર્શનો | ૧૬ | ૩૯ |
| ૪ | અન્ય નિદર્શનો | ૭૬ | ૭૬ |
| ૫ | ખેડૂતના ખેતર પર અખતરા | ૩ | ૨૦ |
| ૬ | ઓન કેમ્પસ તાલીમ | ૩૪ | ૫૪૪ |
| ૭ | ઓફ કેમ્પસ તાલીમ | ૨૦ | ૬૭૩ |
| ૮ | સ્પોન્સર તાલીમ | ૪ | ૨૨૫ |
| ૯ | વિસ્તરણ અધિકારીઓની તાલીમ | ૩ | ૧૨૨ |
| ૧૦ | વ્યવસાયલક્ષી તાલીમ | ૩ | ૮૦ |
| | અન્ય વિસ્તરણ પ્રવૃતિઓ | | |
| ૧૧ | વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતના ખેતરની મૂલાકાત | ૨૦૧ | ૫૮૯ |
| ૧૨ | ખેડૂતો દ્વારા કેવીકેની મૂલાકાત | ૩૧૮ | ૩૧૮ |

| | ગતિવિધી | સંખ્યા | લાભાર્થી |
|---|---|---|---|
| ૧૩ | એસએસજી મીટીંગ/વૈજ્ઞાનિક ખેડૂત વાર્તાલાપ | ૮ | ૧૦૮ |
| ૧૪ | કિસાન ગોષ્ઠિ | ૪ | ૧૬૫ |
| ૧૫ | અન્ય કાર્યક્રમોમાં વ્યાખ્યાન | ૨૧ | ૭૩૭૮ |
| ૧૬ | જમીનના નમૂનાની ચકાસણી/સોઈલ | ૧૬૬ | ૧૬૬ |
| ૧૭ | હેલ્થ કાર્ડ | ૧૩૮ | ૧૩૮ |
| ૧૮ | પાણીના નમૂનાની ચકાસણી | ૬૯૯ | ૬૯૯ |
| ૧૯ | ટેલીફોન દ્વારા માર્ગદર્શન ક્ષેત્ર દિવસ | ૧૧ | ૨૭૧ |
| ૨૦ | બાગાયતી રોપાઓનું વેચાણ | ૮૧૦૦ | ૧૬૧ |
| ૨૧ | સમાચાર પત્રમાં જાહેરાત | ૩૬ | - |
| ૨૨ | અગત્યના દિવસોની ઉજવણી | ૩૨ | - |
| ૨૩ | રેડિયો ટોક / ટીવી ટોક | ૧૮ | - |
| ૨૪ | લોકવાણી રેડિયો દ્વારા પ્રસારિત કાર્યક્રમ | ૮૭૪ | - |
| ૨૫ | મોબાઈલ સંદેશા | ૧૧૪ | ૯૭૯૬ |

# જાન્યુઆરી - જુન માસના ખેતી કાર્યો :-

## જાન્યુઆરી માસના ખેતી કાર્યો

- ઘઉંના પાકમાં હેકટર દિઠ ૬૫ કિલો યુરિયા ઘઉં ૪૫ દિવસના થાય ત્યારે આપવું.
- ચણાના પાકમાં પાક ઉત્પાદન વધારવા માટે પોપટા બેસતી વખતે ૨ ટકા યુરિયાના દ્રાવણનો છંટકાવ કરવો.
- શેરડીના પાકમાં નિંદામણના નિયંત્રણ માટે શકય હોય તો હાથથી નિંદામણ કરાવવું અથવા મજૂરોની અછત હોય તેવા વિસ્તાર અથવા વાવેતર સમયે નિંદામણનાશક દવાનો ઉપયોગ કરવો. નિંદામણનાશક દવામાં એટ્રાઝીન ૨ કિલો/હે. અથવા ૨,૪-ડી ૧ કિલો/હે. દવાનો ઉપયોગ કરવો.
- ચણાના પાકને પોપટા બંધાતી વખતે પાણીની જરૂરિયાત વધારે હોવાથી પિયત આપવું.
- દક્ષિણ સૌરાષ્ટ્રના ખેડૂતોને ઉનાળુ મગફળી પાકમાં વધુ ઉત્પાદન મેળવવા ખાતરનો જથ્થો જમીન ચકાસણીના પરિણામ મુજબ અથવા ભલામણયુકત ખાતર ૨૫:૫૦:૫૦ એન.પી.કે. કિલો/હે. પ્રમાણે આપવો જોઇએ.
- લસણ - ડુંગળીમાં ચૂસીયા જીવાતના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવાનો છંટકાવ કરવો.
- ડુંગળીમાં જાંબલી ડાઘના રોગને દૂર કરવા માટે મેન્કોઝેબ ૨૭ ગ્રામ અથવા કલોરોથેનોલિન ૨૭ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છાંટવું.
- જીરૂમાં ભૂકીછારાના નિયંત્રણ માટે હેકઝાકોનાઝોલ અથવા પ્રોપીકોનાઝોલ ૧૦ મિલિ ૧૦લિટરમાં નાખીને છંટકાવવું.
- જીરૂમાં ચરમીના રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫ ટકા ડબલ્યુ પી ૨૫ ગ્રામ અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઇ.સી. ૧૦ મિલિ ૧૦ લિટર પાણીમાં નાંખવું.
- ધાણામાં ભૂકી છારાના નિયંત્રણ માટે ૮૦ ટકા વેટેબલ સલ્ફર ૨૫ ગ્રામ અથવા ડીનોકેપ ૫ મિલિ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવવું.
- આંબામાં મધિયાના નિયંત્રણ માટે સાયપરમેથ્રિન ૧૦ ટકા ઇસી ૪ મિલિ ૧૦ લિટરમાં નાખીને છંટકાવ કરવો.
- મેઢના નિયંત્રણ માટે કાણાને સાફ કરી કલોરપાયરીફોસનું દ્રાવણ પિચકારીથી દાખલ કરવુ ત્યારબાદ કાણુ બંધ કરવું.
- બોરમાં ફળમાખી અને ફળ કોરી ખાનાર ઇયળના નિયંત્રણ માટે મેલાથીઓન અથવા નિમાર્ક અથવા ફેન્થીઓનમાંથી કોઇ પણ એકનો છંટકાવ કરવો.
- કેળના સૂકારા માટે છોડ પર સ્ટ્રેપ્ટોસાયકલીન ૧૦ ગ્રામ અને કોપરઓકસીકલોરાઇડ ૧૦ ગ્રામ/૨૦ લિટર પાણીમાં નાંખી છંટકાવ કરવો.
- ચણાંમાં લીલી ઇયળ અથવા પોપટા કોરી ખાનાર ઇયળના નિયંત્રણ માટે લેમડાસાયહેલોથીન ૪ મિલી અથવા કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૩ મિલિ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- ચણામાં સુકારા અને મૂળના કોહવારાના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ ૧૦ લીટર પાણી પ્રમાણે દ્રાવણ બનાવી રોગની અસર પામેલા છોડની ફરતે જમીનમાં આપવાની રોગની તીવ્રતા ઘટાડી શકાય છે.
- ચણામાં સ્ટંટ વાયરસ રોગ મોલોમશી મારફતે ફેલાતી હોવાથી તેના નિયંત્રણ માટે શોષક પ્રકારની કીટનાશક જેવી કે મિથાઇલ-ઓ-ડીમેટોન ૧૨ મિલી. અથવા ડાયમીથોએટ ૧૦ મિલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરિયાત મુજબ છંટકાવ કરવો.
- ઘઉંમાં ગાભમરાની ઇયળ તથા લીલી ઇયળનો ઉપદ્રવ જણાય તો પોલીટ્રીન-સી ૪૪ ટકા ઇ.સી. ૨૦ મિલિ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ઉધઇના નિયંત્રણ માટે ફીપ્રોનીલ ૧.૬ લીટર અથવા કલોરપાયરીફોસ ૨૦ ઇ.સી. ૧.૫ લિટર ૧૦૦ કિલો રેતીમાં ભેળવી ૧ હેકટરમાં પૂંખીને પિયત આપવું.
- શેરડીમાં બીજ સાથે ફેલાતી ભંગડાવાળી અને ચીટકો જીવાતના નિયંત્રણ માટે મેલાથિયોન ૫૦ ઇ.સી. ૧૦ મિલિ અથવા ડાયમીથોએટ ૩૦ ઇ.સી. ૧૦ લિટર પાણીમાં દ્રાવણ બનાવી તેમાં ૩૦ મિનિટ કાતળા બોળી ત્યારબાદ વાવેતર કરવું.
- શેરડીમાં ટોચવેધક, મૂળવેધક, ડૂંખવેધકના નિયંત્રણ માટે રોપણી વખતે કાર્બોફ્યૂરાન ૩ જી ૫૦ કિલોગ્રામ હેકટર દીઠ વાવેતર વખતે ચાસમાં આપવું.
- કપાસમાં મીલીબગના નિયંત્રણ માટે છેલ્લી વીણી પુરી થયા પછી પાકને લાંબા સમય સુધી ખેતરમાં રહેવા દેવો નહી. તેમજ ઉપદ્રવિત સાંઠીઓ તથા જીંડવા તાત્કાલિક કાઢી બાળીને નાશ કરવો અને જમીનમાં ભૂકી રૂપ દવા ભભરાવવી.
- કટલા માછલી ઉછેર કરતા ખેડૂતો માટે ૧૫ ટકાના ડકવીડના પત્તા (લેમ્ના માનપોર) ખોરાક તરીકે કટલાને આપવાથી સારી વૃધ્ધિ, જીવંત ટકાવારી અને સારૂ આર્થિક વળતર મળે છે.
- સરગવાના પાનનો પાવડર બનાવી દરરોજ એક ચમચી પાવડરનો દૈનિક આહારમાં ઉપયોગ કરવાથી ઘણા લાભ થાય છે. સરગવાના પાનના પાવડરથી સાંધાના દુઃખાવા, કમરનો દુઃખાવો, યુરીક એસિડ દૂર કરે છે. બાળકો અને વૃધ્ધોમાં કેલ્શિયમની માત્રા વધારે છે. જાડાપણું (મોટાપા) ઘટાડે છે અને હિમોગ્લોબીન વધારે છે. ચામડીને ચમકીલી અને જુવાન રાખે છે તથા ડાયાબીટીસી, લોહીનું ઉંચુ દબાણ અને કોલેસ્ટ્રોલ ઘટાડે છે. અલ્સર અને કેન્સરને મટાડે છે. થાઇરોઇડ માટે ઔષધ છે. શરીરની રોગપ્રતિકારક શકિત વાધરે છે તથા પથરી પીગળીને નીકળી જાય છે.

## ફેબ્રુઆરી માસના ખેતી કાર્યો

- ઘઉંના પાકને પોક અવસ્થાએ આવ્યા બાદ પાણી આપવુ નહી.
- ચણાનો પાક પકી ગયા બાદ તેનું સમયસર હાર્વેસ્ટીંગ કરવું.
- ચણાના દાણાને સંગ્રહ કરતા પહેલા યોગ્ય માત્રામાં ભેજ ઉડી જાય ત્યાં સુધી સૂર્ય પ્રકાશમાં સુકવવા.
- જે ખેડૂત મિત્રોએ નવેમ્બર મહિનામાં શેરડીનુ વાવેતર કરેલ છે તેમને શેરડી ૯૦-૧૦૦ દિવસની થાય ત્યારે બાકી રહેલ ખાતરનો જથ્થો આપી પાળા ચઢાવવા.
- ઉનાળુ મગફળીનું વાવેતર કરતા ખેડૂત મિત્રોએ મગફળીની જાત જી.૨, જીજેજી-૩૭ વગેરે જાતોનું વાવેતર કરવુ તથા બે હાર વચ્ચે ૩૦ સેમીનું અંતર રાખવુ અને પાયાના ખાતર તરીકે એમોનિયમ સલ્ફેટ, સિંગલ સુપર ફોસ્ફેટ અને પોટાશનો ઉપયોગ કરવો.

* ઉનાળુ તલ વાવતા ખેડૂતમિત્રોએ ગુજરાત તલ-૨,૩,૫ વગેરેમાંથી કોઇ પણ જાતની પસંદગી કરીને તલનું વાવેતર બે હાર વચ્ચે ૪૫ સેમીનું અંતર રાખીને કરવુ તથા બિયારણો દર ૪ કિલો/હે. રાખવો. વાવેતર ફેબ્રુઆરીના બીજા પખવાડીયામાં કરવુ અને વાવેતર અંતર ૪૫-૧૦ સેમી રાખવું.
* બાજરીનો પાક ૨૦ દિવસનો થાય ત્યારબાદ યોગ્ય પારવણી કરી ૫૪ કિલો યુરિયા નાંખવું.
* મગનું વાવેતર ફેબ્રુઆરી મહિનાના છેલ્લા અઠવાડિયામાં અથવા માર્ચ મહિનાના પહેલા અઠવાડિયામાં કરવું.
* મગનુ વાવેતર કરવા માગતા ખેડૂત મિત્રોએ મગની ગુજરાત મગ-૪,૫,૬ વગેરેમાંથી કોઇ પણ જાતની પસંદગી કરવી. મગનું વાવેતર કરતી વખતે બિયારણનો દર ૨૦-૨૫ કિલો જેટલો રાખવો.
* ઉનાળામાં ઘાસચારાના પાકમાં નેપિયર ઘાસ એન.બી-૨૧, ચીઓ-૧નું વાવેતર કરવુ. ઘાસચારાની મકાઇમાં આફ્રિકનટોલ જાતનુ વાવેતર કરવું.
* દક્ષિણ સૌરાષ્ટ્રના ખેડૂતોને તલ પાકમાં વધુ ઉત્પાદન મેળવવા ખાતરનો જથ્થો જમીન ચકાસણીના પરિણામ મુજબ અથવા ભલામણયુકત ખાતર ૫૦ઃ૨૫ઃ૦૦ એન.પી.કે. કિલો/હે. પ્રમાણે આપવો જોઇએ.
* રીંગણી અને મરચીના કુકડવાના રોગના નિયંત્રણ માટે વાયરસનો ફેલાવો કરનાર ચૂસિયા પ્રકારની જીવાત કાબુમાં લેવા માટે શોષક પ્રકારની દવાનો છંટકાવ કરવો.
* રીંગણમાં ડૂંખ કોરી ખાનાર ઇયળના નિયંત્રણ માગે ડૂંખનો ભાગ કાપીને નાશ કરવો તથા વોટા-ટી-ટ્રેપ મૂકવા. તેમજ કલોરાન્ટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી.૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
* ભીંડામાં લીલા તડતડીયા અને સફેદ માખીના નિયંત્રણ માટે મેટારાઇઝીયમ એનીસોપલી ૮૦ ગ્રામ પ્રતિ પંપ અથવા થાયોમીથોકઝામ ૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
* લસણ અને ડૂંગળીમાં થ્રીપ્સના નિયંત્રણ માટે બ્યુવેરીયા બાસીયાના અથવા પ્રોફેનોફોસનો છંટકાવ કરવો.
* કેળના પાકમાં માતૃછોડની આજુબાજુના પીલા નિયમિત કાઢતા રહેવું.
* કેળના સારા વિકાસ માટે ફળો બેસી ગયા બાદ પુષ્પ વિન્યાસ ખેરી નાખવો.
* આંબામાં ફળ માખીના નિયંત્રણ માટે મીથાઇલ યૂઝીનોલના ટ્રેપ મુકવા જોઇએ.
* કપાસમાં છેલ્લી વીણી પૂરી થયા બાદ ખેતરમાં ઘેટાં-બકરા ચરાવવા તથા તુરત જ સાંઠીઓનો નાશ કરવો. છેલ્લી વીણીના કપાસને અલગ રાખવો.
* ઘઉંમાં ગેરૂ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨૫ થી ૩૦ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જરૂર પડયે બીજો છંટકાવ ૧૦ દિવસ બાદ કરવો.
* ધાણા-જીરૂમાં ભૂકીછારાના રોગના નિયંત્રણ માટે વહેલી સવારે ગંધક ૮૦ ટકા વેટેબલ પાવડર ૨૫ ગ્રામ અથવા ૩૦૦ મેશનો ગંધક પાવડર હેકટરે ૧૫ થી ૨૦ કિલોગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
* જીરૂમાં ચરમી રોગના નિયંજીત્રણ માટે મેન્કોઝેબ ૭૫ ટકા વેટેબલ પાવડર ૨૫ ગ્રામ મુજબ ઓગાળી છંટકાવ કરવો.
* લસણ-ડુંગળીમાં થ્રીપ્સ કે ચૂસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૫૦ ઇ.સી. ૧૫ થી ૨૦ મિલિ અથવા સ્પીનોસાડ ૩-૪ મિલિ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.
* રોહુ મત્સ્ય પાલન કરતા ખેડૂતોને ઉછેર દરમ્યાન ૩ પ્રકારના પ્રોબાયોટીકસ જેમ કે લેકટોબેસીલસ સબટીલીસ, બેસીબર સબટીલીસ અને સછારોમાઇસીસ સીરેવીસીઆ ૩ ટકા ૪ઃ૩ઃ૪ના પ્રમાણમાં રોહુના ખોરાકમાં મીક્ષ કરીને આપવાથી વધુ વિકાસ ન્યુટ્રીશનનુ વધુ પ્રમાણ અને ઉંચી જીવંત ટકાવારી મળે છે.
* સોયાબીન કઠોળમાં ઉત્તમ છે. ૧૦૦ ગ્રામ સોયાબીનમાંથી ૪૩ ગ્રામ પ્રોટીન, ૨૧ ગ્રામ કાર્બોહાઇડ્રેટ, ૧૦.૫ ગ્રામ ચરબી અને ૨૪૦ મી.ગ્રામ કેલ્શિયમ મળે છે. આ ઉપરાંત આયર્ન, વિટામીન એ તથા વિટામીન બી મળે છે. સોયાબીનનો ઉપયોગ કરવા માટે તેને એક રાત્રી પલાળી રાખવા જોઇએ. ત્યારબાદ બીજા દિવસે સૂકવી ત્યારબાદ સૂકાયેલા સોયાબીનનો ઉપયોગ કરવો જોઇએ. સોયાબીનના દાણા પલાળીને, ફણગાવીને, દળાવીને લોટ તરીકે. શેકીને, દાળ તરીકે, બીજા કઠોળ, દાળ કે લોટની સાથે મીકસ કરી, રોટલી, ભાખરીના લોટમાં થોડો લોટ ભેળવી, મૂઠિયા, હાંકવો, ઢોકળા, પુલાવમાં ઉપયોગ કરી શકાય છે.

## માર્ચ માસના ખેતી કાર્યો

* ઉનાળુ મગફળીમાં નિયત સમયગાળે એટલે કે ૬-૧૦ દિવસે પાણી આપવુ તેમજ ફુલ અવસ્થા અને સુયા બેસતી વખતે ખાસ પિયતની ખેંચ ન વર્તાય તેની કાળજી રાખવી.
* ઉનાળુ તલમાં જરૂરિયાત મુજબનું પિયત આપવુ અને નિંદામણનો ઉપદ્રવ હોય તો હાથથી નિંદામણ કાઢવું.
* ઘઉંની સમયસર કાપણી કરી પૂરતો ભેજ ઉડે ત્યાં સુધી સૂર્યપ્રકાશમાં સૂકવીને સંગ્રહ કરવો.
* ઘઉંની પરાળને બાળવાની જગ્યાએ જમીનમાં ઉમેરવાથી જમીનમાં સેન્દ્રીય કાર્બનનો વધારો કરી શકાય છે.
* ઘઉંની પરાળ ઉપર ૨ ટકા યૂરિયાના દ્રાવણનો છંટકાવ કરવાથી ઝડપથી જમીનમાં સડે છે.
* દક્ષિણ સૌરાષ્ટ્રના ખેડૂતોને મગના પાકમાં વધુ ઉત્પાદન મેળવવા ખાતરનો જથ્થો જમીન ચકાસણીના પરિણામ મુજબ અથવા ભલામણયુકત ખાતર ૨૦ઃ૪૦ઃ૦૦ એન.પી.કે. કિલો/હે. પ્રમાણે આપવો જોઇએ.
* ભીંડામાં ડૂંખ અને ફળ કોરી ખાનાર ઇયળના નિયંત્રણ માટે ઇમિડાકલોપ્રીડ ૯ મિલિ/કિગ્રા. પ્રમાણે પાણીમાં ભેળવી બીજ માવજત આપવી.
* ડુંગળીમાં સંગ્રહશકિત વધારવા માટે પાન પીળા પડી જાય અને ઉપરનો ભાગ ઢળવા મંડે ત્યારે હાથથી છોડને ખેંચી લેવો.
* લસણમાં થ્રીપ્સના નિયંત્રણ માટે ડાયમીથોએટ ૩૦ ટકા ઇસી દવાનો છંટકાવ કરવો.
* આંબામાં ભૂકીછારાનો ઉપદ્રવ જણાય તો દ્રાવ્ય ગંધક ૮૦ ટકા ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો. કાલવર્ણ રોગના નિયંત્રણ માટે કેરી વટાણા કદની થાય ત્યારે કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ ૧૫ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

- નાળિયેરીના ૮ થી ૨૫ વર્ષની ઉંમરના બગીચામાં નિયમિત આંતર પાક તરીકે આદુનુ વાવેતર કરી શકાય અને ઉંદરનો ઉપદ્રવ જણાય તો ૨ ટકા ઝીંક ફોસ્ફેટની ઝેરી દવાવાળુ બિસ્કીટ જીવંત દર પાસે મૂકવું.
- કેળમાં ટપક પધ્ધતિ દ્વારા સૂક્ષ્મ તત્વોનું મિશ્રણ (ગ્રેડ-૫) ૫૦ ગ્રામ પ્રતિ છોડ સરખા હપ્તામાં આપવું.
- ઉનાળુ મગફળીમાં પરભક્ષી દાળિયા જોવા મળે તો જંતુનાશક દવા છાંટવજાનુ મુલત્વી રાખવું.
- કપાસની છેલ્લી વીણી કરી લીધા પછી ઘેટાં-બકરા ચરાવવા જેથી ગુલાબી ઇયળની સુષુપ્ત અવસ્થાનો નાશ કરી શકાય.
- દિવેલામાં ડોડવા કોરી ખાનાર ઇયળનો ઉપદ્રવ જણાય તો કિવનાલફોસ ૨૫ ટકા ઇ.સી.૨૦ મિલિ. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- જીરૂમાં ભૂકીછારા રોગના નિયંત્રણ માટે રોગની શરૂઆત થાય ત્યારે ૮૦ ટકા વેટેબલ સલ્ફર પાવડર ૨૫ ગ્રામ અથવા હેકઝાકોનાઝોલ ૧૦ મિલી ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- ઝીંગાના વધુ ઉત્પાદન માટઠે પ્રોબાયોટીકસ (લેકટોબેસીલસ એસડો ફીલસ) ૨૦ ટકા ખોરાક સાથે મીક્ષ કરીને ઝીંગાના ઉછેર દરમ્યાન આપવું.
- સગર્ભા અને ધાત્રી માતાએ સમતોલ આહારમાં દાળ, તેલ, અનાજ, દૂધ, ફળ અને લીલા શાકભાજી, રૂચિ પ્રમાણે ઈંડા, માંસ-માછલી વગેરે લેવા જોઇએ. આયોડિનયુકત મીઠુ જ વાપરવું જોઇએ. સગર્ભાવસ્થા દરમિયાન ઓછામાં ઓછી ૧૦૦ ફોલિક એસિડની ગોળી તથા છેલ્લા ત્રણ માસ દરમિયાન કેલ્શિયમની ગોળી લોવી જોઇએ.

## એપ્રિલ માસના ખેતી કાર્યો

- જે વિસ્તારમાં ઉનાળામાં પાણીની અછત છે તેવા વિસ્તારમાં ઉંડી ખેડ કરીને તડકામાં તપવા દેવી.
- બાજરીને નિઘંલ અવસ્થાએ આવે ત્યારે પૂરતી ખાતરનો બીજો હપ્તો હમેકટર દિઠ ૬૬ કિલો યુરિયા નાખવું.
- બાજરી થુલી અવસ્થાએ હોય ત્યારે પાણી આપી વાતાવરણને ભેજયુકત અને ઠંડુ રાખવાથી દાણાનો ભરાવો સારો થાય છે.
- શેરડીના પાકમાં પાણીની ખેંચ વર્તાય અને પાણીનો જથ્થો પૂરતો ન હોય તો ઉપરથી પોષક તત્વોનો છંટકાવ કરવો. જેમાં ૨ ટકા યુરિયા અથવા ૨ ટકા ડીએપી (૩૦૦ ગ્રામ પ્રતિ પંપ)નો છંટકાવ કરવો.
- ઉનાળુ મગમાં કુલ તથા શિંગો આપતી અવસ્થાએ પિયત આપવું.
- જીલ્લાના તમામ ખેડૂતમિત્રોને ભલામણ કરવામાં આવે છે કે તેમની માટી અને પાણીની ચકાસણી કરાવવી જોઇએ અને આ ચકાસણીના પરિણામ મુજબ જે ભલામણ આવે તે ખાતરો આપવાથી ચોમાસુ પાકોમાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે.
- મરચીમાં કાલવર્ણ રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૭૫ ડબલ્યુ પી. ૨૭ ગ્રામ અથવા કલોરોથેલોનીલ ૭૫ ડબલ્યુ પી. ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી જરૂરિયાત મુજબ છંટકાવ કરવો.
- આંબાવાડિયામાં ખરી પડેલ કેરીઓ વીણી આંબાવાડિયા સાફ રાખવા.
- કેરી સોપારી જેવડા કદની થાય ત્યારે નેપ્થેલિક એસિડનો ૨ ગ્રામ ૧૦૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
  કેળાની લૂમ તૈયાર થા તો તેને ગરમી ન લાગે તે માટે પાનાથી ઢાંકવી.
- નાળીયેરીમાં ગેંડા કીટકના નિયંત્રણ માટે ફેરોમેન ટ્રેપનો ઉપયોગ કરવો.
- પપૈયાના વાવેતર માટે જીજેપી-૧, મધુબિંદુ, કોઇમ્બતુર જેવી જાતોનું વાવેતર કરવું.
- ઉનાળુ મગફળીમાં લીલી પોપટી કે થ્રીપ્સના નિયંત્રણ માટે નીચે પૈકી કોઇ પણ એક દવા ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો : ડાયમીથોએટ ૩૦ ટકા ઇ.સી. ૧૦ મિલિ અથવા ઇમીડાકલોપ્રીડ ૧૭.૮ ટકા એસ.એલ. ૨ મિલિ.
- ઉનાળુ મગફળીમાં લીફ માઇનરના નિયંત્રણ માટે નીચે પૈકી કોઇ પણ એક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો : થાયોમીથોકઝામ ૩ ગ્રામ
- ઉનાળુ મગફળીમાં પાનના ટપકાં તેમજ ગેરૂના રોગના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૨૫ ગ્રામ અથવા હેકઝાકોનાઝોલ ૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં નાંખી બે કે ત્રણ છંટકાવ કરવા.
- ઉનાળુ બાજરીના સાંઠાની માખી તથા થડ કોરી ખાનારી ઇયળના નિયંત્રણ માટે કાર્બોફ્યુરાન ૩ કિગ્રા/હે. પ્રમાણે જમીનમાં છોડની બાજુમાં આપવું.
- શેરડીમાં સફેદ માખીના નિયંત્રણ માટે એસીફેટ ૬ ગ્રામ અથવા કવીનાલફોસ ૧૨ મીલી અથવા ડાયફેન્થીયુરોન ૧૦ મીલી પૈકી કોઇ પણ એક ૧૦ લીટર પાણીમાં કરી છંટકાવ કરવો.
- ઉનાળુ કઠોળ જેવા કે મગ, અડદ તથા ચોળીના વાવેતર કરેલ પાકમાં ચૂસિયા પ્રકારની જીવાત અને મોજેઇક વાયરસનો રોગ જણાય તો ડાયમીથોએટ ૩૦ ટકા ઇ.સી. ૧૦ મિલી અથવા ઇમીડાકલોપ્રીડ ૧૭.૮ ટકા એસ.એલ. ૨ મિલિ અથવા મિથાઇલ-ઓ-ડીમેટદોન ૨૫ ટકા ઇ.સી. ૧૦ મિલિ પૈકી કોઇ પણ એક દવા ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.
- બુમલા માછલીની પ્રોસેસ કરતા માછીમાર ભાઇઓ માટે માછલીની સુકવણી કરતા પહેલા બુમલાની શ્વાસનેન્દ્રિય અને આંતરડા કાઢીને સુકવવા જોઇએ. જેથી સારી ગુણવતા અને વધુ સંગ્રહ સમય ૬ માસ સુધીનો મળી રહે.

- કેરીનું મૂલ્યવર્ધન એટલે કે વિવિધ બનાવટો બનાવી શકાય છે. કાચી કેરીમાંથી આંબોળિયા, આમચુર, અથાણાં, મુરબ્બો, ચટણી પાકી કેરીમાંથી પાપડ, સ્કવોશ, જયુસ, પલ્પ, કેનીંગ, પાવડર, જામ-જેલી, કેન્ડી, ટોફી ફ્રોઝન પ્રોડકટ તથા આડ પેદાશમાંથી ખાતર, પશુઆહાર, ગોટલી, મૂખવાસ તથા ગોટલીનો પાવડર બનાવી ઉપયોગ કરી શકાય છે.
- પપૈયાનું મૂલ્યવર્ધન કરી શકાય. તેમાંથી કાચા પપૈયાની ટુટી ફૂટી, પાકા પપૈયાનો જામ કાચા પપૈયાનો સંભારો વગેરે બનાવટો બનાવી શકાય છે.

## મે માસના ખેતી કાર્યો

- શેરડીનું વાવેતર કરેલ છે તેવા ખેડૂત મિત્રોએ સમયસર પિયત આપવુ.
- ઉનાળુ મગની કાપણી કરી તડકામાં બરાબર સૂકવી ભેજ ઉડી જાય ત્યારબાદ સંગ્રહ કરવો.
- ચોમાસુ ઋતુમાં વાવેતર કરવાના થતા પાકોનું સમયસર બિયારણ મેળવી લેવું. જેથી શુધ્ધતાવાળુ બિયારણ મળી રહે.
- પિયતના પાણીની સગવડ હોય તે ખેડૂતો જો ઓરવીને મગફળીનુ વાવેતર કરવા માગતા હોય તેને મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં વાવેતર કરી શકાય. વાવેતરનું અંતર ૪૫ - ૧૦ સેમી રાખવું.
- તલની કાપણી કરી, ઉભડા કરીને ત્યારબાદ સવારના સમયમાં તલને ખંખેરવા.
- દક્ષિણ સૌરાષ્ટ્રના ખેડૂતોને ચોમાસુ મગફળી પાકમાં વધુ ઉત્પાદન મેળવવા ખાતરનો જથ્થો જમીન ચકાસણીના પરિણામ મુજબ અથવા ભલામણયુકત ખાતર ૧૨.૫:૫૦:૫૦ એન.પી.કે. કિલો/હે. પ્રમાણે આપવો જોઇએ.
- થ્રીપ્સના નિયંત્રણ માટે તથા તંદુરસ્ત ધરૂના ઉછેર માટે ધરૂવાડિયાની જમીનમાં ઉનાળામાં સોઇલ સોલેરાઇઝેશન કરવું.
- ધરૂની ફેરરોપણી વખતે ધરૂના મૂળને ઈમિડાકલોપ્રીડ ૧૦ મિલી અથવા થાયોમિથોકઝામ ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી બનાવેલ દ્રાવણ ૨ કલાક બોળી રાખ્યા બાદ રોપણવાથી શરૂઆતની અવસ્થામાં ચૂસીયા પ્રકારની જીવાતથી રક્ષણ મળે છે.
- રીંગણીમાં ફળ અને ડૂંખ કોરી ખાનાર ઇયળના નિયંત્રણ માટે એમામેકટીન બેન્ઝોએટ ૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.
- ભીંડામાં રાસાયણિક ખાતર ૧૫૦:૫૦:૫૦ ના.ફો.પો. ઉપરાંત મલ્ટી માઇક્રોન્યુટ્રયન્ટનો છંટકાવ કરવો.
- આંબામાં નવિનીકરણ અપનાવો તેમાં જૂના આંબાની ડાળીઓ દૂર કરવી.
- અડદના પાનના ટપકાના રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે રોગની શરૂઆત થાય ત્યારે હેકઝાકોનાઝોલ ૧૦ મિલિ ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી ૧૫ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.
- શેરડીના પાયરીલાના શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ ઝરે છે જેના પરિણામે પાન ઉપર ફુગની વૃધ્ધિ થાય છે. તે માટે ડાયમીથોએટ ૩૦ ઈ.સી. ૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.
- શેરડીમાં જુદા-જુદા વેધકોનું જૈવિક નિયંત્રણ કરવા પરજીવી ટ્રાયકોગ્રામા ભમરીનો ઉપયોગ કરવો.
- શેરડીમાં તડતડીયા અને સફેદ માખીના નિયંત્રણ માટે લીબોળીનું તેલ ૬૦ મિલિ એક પંપમાં નાખી છંટકાવ કરવો.
- ઝડપી માછલની સુકવણી અને સારી ન્યુટ્રીયશનલ ગુણવતા માટે સૌર સુકવણી ખુલ્લા સૂર્યપ્રકાશમાં સુકવવા કરતા વધુ સારી રહે છે.
- અનાજ સંગ્રહ કરતી વખતે બોરીક પાવડર ભેળવવાની પ્રથા ખૂબજ પ્રચલિત છે. પણ બોરીક પાવડર મનુષ્યના આરોગ્યને હાનિકારક અસર પહોંચાડે છે. બીજ તરીકે સંગ્રહવામાં આવતા અનાજમાં બોરીક પાવડરનો વધુ પડતો ઉપયોગ કરવામાં આવે તો બીજની સ્કુરણ શકિત ઉપર પણ અસર થવાની શકયતા રહે છે.

## જૂન માસના ખેતી કાર્યો

- ચોમાસુ પાકોનું વાવેતર કરવાનું હોય તેના બિયારણ સમયસર તૈયાર કરવું.
- ચોમાસુ મગફળીમાં જીજી-૨૦, જીજેજી-૨૨, જીજી-૨૩ વગેરે જાતોનું વાવેતર કરવું.
- સોયાબીનનું વાવેતર કરતા ખેડુતોએ સોયાબીનની જાત ગુજરાત સોયાબીન-૩નું વાવેતર ૪૫-૧૦ સેમીનું અંતર રાખીને કરવું.
- નિંદામણના નિયંત્રણ માટે પેન્ડીમેથાલિન ૩૦ ટકા ઇ.સી. ૧ કિલો/હે.નો વાવેતર બાદ ૪૮ કલાકમાં છંટકાવ કરવો.
- કપાસનું વાવેતર કરતા ખેડૂતોએ બે હાર વચ્ચે ૬ ફુટનું અંતર રાખી તેમજ બે છોડ વચ્ચે ૩૦ સેમીનું અંતર રાખીને વાવેતર કરવું.
- દક્ષિણ સૌરાષ્ટ્રના ખેડૂતોને બીટી કપાસ પાકમાં વધુ ઉત્પાદન મેળવવા ખાતરનો જથ્થો જમીન ચકાસણીના પરિણામ મુજબ અથવા ભલામણયુકત ખાતર ૨૪૦:૫૦:૫૦ એન.પી.કે. કિલો/હે. પ્રમાણે આપવો જોઇએ.
- કેરીના ઉતારા પછી આંબાવાડીયુ સાફ કરવુ તથા પાન અને મોરની વિકૃર્તિ કાપી દૂર કરવુ અને તેનો નાશ કરવો.
- એકબીજા આંબા જોડે ડાળો અડકતની હોય તો લાઇટ પ્રુનિંગ કરવુ ત્યારબાદ ફુગનાશકનો છંટકાવ કરવો અને બ્રોડો પેસ્ટ લગાડવી.
- ચોમાસાની શરૂઆત પહેલા નાળિયેરી તથા આંબાના ઝાડ ફરતે રીંગ કરી ખાતર આપવું. (દેશી-રાસાયણિક)
- કપાસમાં ગુલાબી ઇયળના નિયંત્રણ માટે કપાસનું આગોતરા વાવેતર કરવું નહીં.
- મગફળીમાં ધૈણ અથવા સફેદ મુંડાના નિયંત્રણ માટે ૧ કિલોગ્રામ બીજ દીઠ ૨૫ મિલિ કલોરપાયરીફોસ ૨૦ ટકા ઇ.સી. દવા બીજને વાવતા પહેલા ૩-૪ કલાક અગાઉ પટ આપી છાંયડામાં સુકવી વાવેતર કરવું.
- મગફળીમાં થડનો સડો/સૂકારાના નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા પાવડર ૫ કિલો/હેકટર ૫૦૦ કિલો એરંડીના ખોળ અથવા ગળતિયા ખાતરમાં મિકસ કરી વાવણી સમયે ચાસમાં આપવું.
- મગફળીના બિયારણને વાવતા પહેલા ફુગનાશક દવા કાર્બેન્ડાઝીમ અથવા મેન્કોઝેબ ૩ ગ્રામ અથવા ટેબ્યુકોનાઝોલ ૨ ટકા ડીએસ દવા ૧.૫ ગ્રામ એક કિલો બીજ દીઠ વાવેતરના ૧૦-૧૨ કલાક પહેલા આપવી.
- ભાંભરા પાણીમાં ઝીંગા ઉછેર કરતા ખેડૂતો માટે લેટોપીનીયસ વનામાઇ નામના ઝીંગા ૨૫ નંગ પ્રતિ મીટર સ્કવેર વિસ્તારમાં નાખવાથી સારી જીવંત ટકાવારી અને વૃધ્ધિ મળી શકે એવી ભલામણ છે.

* કીચન ગાર્ડનમાં ઔષધીય રોપા વાવવા જોઈએ જેવા કે ફુદીનો પાચનના રોગોમાં ઉપયોગી, સતાવરી રકત શુધ્ધિ માટે મન ગ્રાસ કે જે તાવ, કફ તથા શરદીમાં ફાયદાકારક, કુંવારપાઠું કોસ્મેટીક તરીકે તથા બહેનોને માસિકને લગતા રોગોમાં લાભદાયી, ઘાણા એનિમિયા દૂર કરે, તુલસી માથાના દુઃખાવામાં, ત્વચાનીખારે તથા ખાંસી દૂર કરે, લીંડી પીપર કે જે દહીમાં નાંખી ખાઈ શકાય.
* બે પૈંડાવાળુ હાથથી ચાલતા નિંદામણ કાઢવાના સાધન દ્વારા ૧૦ ટકા સમય બચે છે. બહેનોને થાક ઓછો લાગે છે. એક મહિનાથી નાનુ નિંદામણ હોય તો સરળતાથી કાઢી શકાય છે.
* સુધારેલા દાંતાવાળા દાંતરડાનો ઉપયોગ કરવાથી ૩૦ ટકા સમયની બચત થાય છે. આ દાંતરડાથી ચણા, મગ, અડદ, ઘાસચારો અને ઘઉં વગેરે વાઢી શકાય છે. તથા હાથમાં દુઃખાવો ઓછો થાય છે અને થાક લાગતો નથી. આ દાંતરડું સોમનાથ પ્રોડ્યુસર કંપની કેવીકે અંબુજાનગરમાં ૫૦ રૂા. માં મળે છે.









## કેવીકેના સોશીયલ મીડીયાના સોપાનો

| ક્રમ | પ્લેટફોર્મ | શિર્ષક | સબ્સક્રાઈબર |
|---|---|---|---|
| ૧ | યુ ટયુબ ચેનલ | KVK-JUNAGADH | 4020 (157 વિડીયો) |
| ૨ | વોટસએપ ગ્રુપ | KVK ADVISORY GROUP | 58 (9732 ખેડુતો) |
| ૩ | ફેસબુક | KVK Gir Somnath Erstwhile Junagadh | 5000 |
| ૪ | ફેસબુક પેઈજ | Agri Info | 2040 |
| ૫ | કેવીકે એપ | KVK Gir Somnath | 1430 |
| ૬ | ટવીટર | KVK Gir Somnath (Erstwhile Junagadh) | 111 |

BOOK POST

પ્રતિશ્રી,

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - જૂનાગઢ

અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, અંબુજાનગર, કોડીનાર - ૩૬૨૭૧૫, જી. ગીર સોમનાથ (ગુજરાત)

Active, Mgl. 9824451521